# શ્રી અનાવિલ પ્રગતિ મંડળ

શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન,આત્મારામ રોડ,કારેલીબાગ,વડોદરા-૩૯૦૦૧૮.

ટ્રસ્ટ રજી. નં.એ.૨૩૦૭   ટેલી.નં (૦૨૬૫). : ૨૪૬૫૪૯૯  મો. ૯૪૦૮૩૫૫૯૪૫ / ૬૩૫૧૫૬૩૧૩૯

અનાવિલ ભવન બુકીંગની માહિતી-આખો દિવસ ભવન ભાડે રાખવાના નિયમો તા.૦૧-૦૪-૨૦૨૬ થી અમલમાં

**નોધ: લગ્ન્ન, રિસેપ્શન, ગ્રહશાંતિ, જનોઈ ,બાબરી  આ બધા પ્રસંગો આખા દિવસની ગણતરીમાં આવશે**

## જ્ઞાતિજનો માટે (આખા દિવસ માટે)

## (ફકત આજીવન સભાસદો માટે)

અનાવિલ જ્ઞાતિજનોએ અનાવિલ ભવન ભાડે રાખવાના સમયે નીચે મુજબની રકમ ભવન નોંધાવતી વખતે ભરવાની રહેશે. ભાડે આપેલ ભવનનો ઉપયોગનો સમય સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ સુધીનો રહેશે.

| | |
|---|---|
| ભવન ભાડું | રૂા. **૭**,૦૦૦/- |
| ભવન અનામત | રૂા. ૧૦,૦૦૦/- |
| | રૂા. **૧૭,૦૦૦**/- |

નોંધઃ  રજીસ્ટરમાં  નોંધ બુકીંગ તરીકે માન્ય ગણાશે  નહી . વહેલો તે પહેલા મુજબ પૂરા નાણાં ભર્યેથી જ બુકીંગ માન્ય ગણાશે.

૧. અનાવિલ જ્ઞાતિજનો માટે ફરાસખાનાના કોન્ટ્રાકટર સાથે થયેલા કરાર મુજબ ફરાસખાનાના બીલમાં ૫૦%  રાહત આપવામાં આવશે.

૨. કન્યાના લગ્ન પ્રસંગે આખા દિવસનું ભાડું  ટોકન રૂા. ૧/- નું જે ફકત એક દિવસ માટે જ રહેશે. બુકીંગ કર્યા બાદ આકસ્મિક સંજોગો સિવાય કેન્સલ કરવામાં આવશે તો અનામત રકમમાંથી રૂા.  ૫,૦૦૦/- વસુલ કરાશે.

૩. પહેલા માળનો હોલ રૂા.૭૫૦, બે રૂમ અને હોલ  રૂા. ૭૫૦/- અને બીજા માળનો હોલ રૂા. ૧૫૦૦ ના અલગ ભાડાથી આપવામાં આવશે.જેનો સમય રાત્રીના ૧૦.૦૦ થી સવારના ૬.૦૦ સુધી રહેશે.

૪. બે દિવસથી વધુ ભવન ભાડે આપવામાં આવશે નહિ.

૫. ભવન ભાડે રાખનારે વિજ કંપની  તરફથી લાઈટ જાય અથવા ઈલેકટ્રીક લાઈનમાં ફોલ્ટ થાય તો બહારથી જનરેટરની વ્યવસ્થા કરવાની રહેશે.

૬. રસોડાનો ઉપયોગ કરનારને પ્રસંગની આગલી રાત્રે રસોઇયા તથા મદદનીશ સહીત પાંચ વ્યકિતઓને ભવન ખાતે રહેવાની પરવાનગી આપવામાં આવશે.

૭. ભવન ભાડે રાખનારે ભવનનો કબજો લેતી વખતે અને આપતી વખતે ઈલેકટ્રીક અને ગેસ મીટરના યુનીટની નોંધણી ભવનના કર્મચારીની હાજરીમાં કરવાની રહેશે. યુનીટની નોંધણી નહિ કરવામાં આવી હોય તો ભવનના મેનેજરશ્રી તરફથી યુનીટ નકકી કરી જે બીલ આપવામાં આવશે તે સામે કોઈ તકરાર ચાલશે નહિ.
યુનીટના દર નીચે પ્રમાણે છે : (મેઈન્ટેનન્સ ચાર્જીસ સહિત)

| | |
|---|---|
| ઈલેકટ્રીક યુનીટ દીઠ | રૂા.૧૫ |
| ગેસ યુનીટ દીઠ | રૂા૧૦૦ |

જે તે સમયે કંપનીના યુનીટ દીઠના દર બદલાય તે મુજબ ભવન ભાડે રાખનાર આપવા બંધાયેલ છે.

નોંધ : ૧. પ્રથમ અને બીજા માળનો હોલ એ.સી. હોવાથી ધુમાડો થાય તેવી કોઈપણ વિધિ કરવા દેવામાં આવશે નહી.
૨. રસોઈ બનાવતી વખતે મીનરલ વોટર જ ઉપયોગમાં લેવું હિતાવહ છે.

૮. ભવન માટે નકકી કરેલ બાઈઓ – મજુરણ તરીકે રાખવી  ફરજિયાત છે. જેનો દર રૂા.**૪૦૦**/- નકકી કરેલ છે. દર ૧૦૦ વ્યકિતએ બે બાઈઓ ફરજિયાત છે. જેની ચૂકવણી ભવન ભાડે રાખનાર **બાઈઓને**. પ્રસંગ પત્યા બાદ રોકડે થી ચુકવવાના રહેશે.

૯. જરૂરીયાત હોય ત્યારે સાઉન્ડ સીસ્ટમ ભવન તરફથી મળી રહેશે. જેનું ભાડું રૂા.૫૦૦/- રહેશે.
નોંધ : સાઉન્ડ સીસ્ટમ ટેકનિકલ કારણોસર બંધ થઇ જાય તો સંસ્થાની જવાબદારી  રહેશે નહી. તેવા સંજોગોમાં સાઉન્ડ સીસ્ટમ નું ભાડું  લેવામાં આવશે નહી.

૧૦. ગેસ્ટ કંટ્રોલના નિયમ પ્રમાણે રસોઈ બનાવવાની જવાબદારી ભવન ભાડે રાખનારની છે.

૧૧. ભવનની માલ મિલકતને નુકશાન થશે તો ભાડે રાખનાર તે માટે જવાબદાર રહેશે અને નુકશાનીની જે રકમ નકકી કરવામાં આવશે તે ભરવાની રહેશે.

૧૨. ભવન ભાડે રાખ્યા પછી કોઈપણ સંજોગોમાં ભાડે રાખનાર બુકિંગ રદ કરાવશે તો તેવા સંજોગોમાં ફકત અનામતની રકમ જ પાછી મળશે.  ભાડાની રકમ પાછી મળશે નહી અને આ નિયમ  ભાડે રાખનારને મંજુર છે.

૧૩. ભવનની ઉપરના હોલનો જમણવાર માટે ઉપયોગ કરવાની મનાઈ છે. ડ્રાય નાસ્તો અને ચા/કોફી આપી શકાશે.

૧૪. ભવનની હદમાં ફટાકડા ફોડવા,લાઉડસ્પીકરનો ઉપયોગ કરવા અને પ્રતિબંધિત પીણાંનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે. ભવન વિસ્તારમાં ડી.જે. વગાડવા દેવામાં આવશે નહી. આ નિયમનું ઉલ્લંઘન થશે તો અનામત જપ્ત કરવામાં આવશે.સાદા સ્પીકર કે માઇક વગાડવા પોલીસ પરવાનગીની ઝેરોક્ષ કોપી કાર્યક્રમના આગલા દિવસે ફરજિયાત ઓફિસમાં જમા કરાવવાની રહેશે.અન્યથા સાદા સ્પીકર કે માઇક વગાડવા દેવામાં આવશે નહી. **ભવનમાં સાદા સ્પીકર કે માઇક રાત્રિના ૧૦.૦૦ સુધીજ વગાડવા દેવામાં આવશે. એ ટાઇમ પછી પાર્ટીની કોઈપણ જાતની રકજક ચાલશે નહી.**

૧૫. પાન-મસાલા , પડીકી ખાઈને પીચકારી મારી ભવનની મિલકત કે કંપાઉન્ડમાં આર્ટીફીસીયલ લોન બગાડનાર પાસે રૂ.૧૦૦૧/- વસુલ કરવામાં આવશે.

૧૬. બહારની સાઈડ કંપાઉન્ડમાં લાઈવ કાઉન્ટર તેમજ સુપ કાઉન્ટર લોનમાં મુકવા નહી .

૧૭. ભવન ભાડે રાખનારે ભવન દ્વારા મુકરર કરેલ ફરાસખાનાના કોન્ટ્રાકટર પાસેથી ફરાસખાનાની સામગ્રી લેવાનું ફરજિયાત છે.

૧૮. ભવનની બહારની ભાગની સફાઈ તેમજ સંડાસ તેમજ બાથરૂમની સફાઈ તેમજ એંઠવાડ ફેંકવાના રૂ,૬૦૦/- અલગથી આપવાના રહેશે.

૧૯. પ્રસંગ વખતે વાહન પાર્કિંગ માટે એક પાર્કિંગ સહાયક ના દિવસ દીઠ ના રૂ. **૪૦૦**/- આપવાના રહેશે.સમારંભમાં ૨૫૦સુધી એક સહાયક ૨૫૦ થી વધારે હોય તો બે સહાયક અને ૫૦૦ થી વધારે વ્યકિત હોય તો ત્રણ પાર્કિંગ સહાયક ફરજિયાત રાખવાના રહેશે.જેની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવશે.

૨૦. ફરાસખાનાની જોઈતી વસ્તુઓ માટે ફરાસખાનાના કોન્ટ્રાકટર સાથે મોડામાં મોડા પ્રસંગના ૭ (સાત) દિવસ અગાઉ નકકી કરી એસ્ટીમેટ લઈને રકમ ફરાસખાનાના કોન્ટ્રાકટરને એડવાન્સમાં જમા કરાવવાની રહેશે.

૨૧. હાલના ફરાસખાનાના કોન્ટ્રાકટર : રોનક દેસાઈ ઈવેન્ટ સર્વિસીસ મોબાઇલ નંબર : ૯૮૨૫૦૪૬૪૬૯

૨૨. લાઈવ કાઉન્ટર તથા રસોડામાં વધારાના ગેસ સિલીન્ડરની જરૂર પડે તો કોમર્સિયલ ગેસ સિલીન્ડર જ વાપરવાનો રહેશે.**તમામ રસોઈ રસોડા માં જ બનાવવાની રહેશે.**

૨૩. કોઈપણ વાહનનું પાર્કીંગ ભવનની હદમાં કરવાનું નથી. તથા ભવનના કમ્પાઉન્ડમાં કોઈપણ વાહન લાવવા દેવામાં આવશે નહિ. વાહનોમાં કિમતી સામાન મુકવો નહી. વાહનમાંથી ચોરી થાય તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

૨૪. બાળ મજુરો રાખવાની સખત મનાઈ છે.

૨૫. ભવનની બહાર પાર્કિંગ કરેલા વાહનોની સુરક્ષાની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

૨૬ **ભવન ના હોલમાં કોઈપણ પ્રકાર નો હવન કરવા દેવામાં આવશે નહી.**

૨૭. પ્રસંગમાં આવનાર વ્યકિતઓની સંખ્યા........................

**ઉપરના નિયમો વાચ્યા છે.અને અમોને મંજૂર છે.**

નોધઃ બુકિંગ કરાવતી વખતે બુકિંગ કરાવનાર તથા તેમના દ્વાર રજૂ કરાયેલ સાક્ષીનું ફોટો આઈ ડી પ્રૂફ અચૂક રજૂ કરવાનું રહે છે.

તારીખ :

ભાડે રાખનારનું પુરું નામ :

ભાડે રાખનારની સહી

સાક્ષીનું પુરું નામ :

સાક્ષીની સહી :

**નોધ: સરકારી નિયમો અનુસાર જે તે સમયે લાગુ પડતાં સર્વિસટેક્સ/જી.એસ.ટી. સહિતના જે તે ટેક્સ ભરવાની જવાબદારી ગ્રાહક ની રહેશે.**